૦૮/૦૩/૨૦૨૧

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

---

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૦૮.૦૩.૨૦૨૧ના રોજ આંતરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ઈ/ચા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. રાધા રાની, મુખ્ય મહેમાન, પ્રગતીશીલ મહિલા ખેડૂત શ્રીમતી કુલવંતીબેન હ. માલ, ગામ: ભામણ, તાલુકો: સંજેલી અને કેવિકે, દાહોદના અન્ય વૈજ્ઞાનિકશ્રીઓ હાજર રહેલ.

સદર કાર્યક્રમનુ ઉદ્દ્ઘાટન ઓનલાઇન માધ્યમથી ભારત સરકારના રાષ્ટ્રીય કક્ષાના માનનીય કૃષિ મત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી અને રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કૈલાશ ચૌધરીજી દ્વારા કરવામા આવેલ. ત્યાર બાદ ડૉ. રાધા રાની, ઈ/ચા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાએ કૃષિમા મહિલાઓનું યોગદાન વિષય પર સંબોધન આપેલ. ત્યાર બાદ મુખ્ય મહેમાન શ્રીમતી કુલવંતીબેન હ. માલનું સાલ ઓઢાડીને સન્માનિત કરવામા આવેલ તેમજ તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદના માર્ગદર્શન હેઠળ સંકલિત ખેતીની સફળ ગાથા દ્વારા ખેતીમાં મહિલા કઈ રીતે આત્મનિર્ભર થઈ શકે તે અંગે આવેલ મહિલા ખેડૂત બહેનોને પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમ આગળ વધારતા ડૉ. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) અને શ્રી જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ બાગાયતી પાકો તેમજ મહીલા ખેડુતોનું સ્વ સહાય જુથ થકી સશક્તિકરણ વિષય અંગે માહીતી આપવામા આવેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી, એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ કરેલ જેમા જુદા જુદા ગામોથી આવેલ કુલ ૫૩ મહિલા ખેડુતોએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

૦૮/૦૩/૨૦૨૧



કાર્યક્રમનુ ઓનલાઇન ઉદ્ઘાટન



ડૉ. રાધા રાનીનું સંબોધન







શ્રીમતી ફુલવંતીબેન માલનું સાલ ઓઢાડીને સન્માન અને તેમનું સંબોધન



શ્રી જી. કે. ભાભોરનું ઉદ્બોધન



ડૉ. એચ. એલ. કાચાનું ઉદ્બોધન